# મનના મોરપીંછ

--દીનેશ પાંચાલ

## ધરમના ધરતીકંપ…શ્રદ્ધાના સુનામી…!

આપણે ક્યારેય એ નથી સમજી શકતાં કે ધર્મને ઢોલ-નગારાં-માઈક-મંજીરાં-શોભાયાત્રા કે વીશાળ માનવમહેરામણની શા માટે જરુર પડવી જોઈએ? ટહુકો કોયલનો ધર્મ હોય તો કોયલને કદી સ્ટીરીયો સ્પીકરની જરુર પડે છે ખરી? સુરજ વૉલ્ટેજ-સ્ટેબીલાઈઝર વીના પ્રકાશવાની આનાકાની કરે છે ખરો? પુષ્પનો કયો ધર્મ…? ચંદ્ર હીન્દુ ધર્મ પાળે છે કે ઈસ્લામ..? આકાશનો કેટલો હીસ્સો હીન્દુઓનો અને કેટલો મુસ્લીમોનો..? હવા, પાણી કે અગ્નીના કયાં કુળ અને કઈ જાતી…? નદી, સાગર, વૃક્ષ અને ઝરણાને આપણે કયા સંપ્રદાયનાં ગણીશું…? માણસ કુદરતનો જ એક હીસ્સો છે; છતાં એનું સ્વરુપ આવું વીચીત્ર કેમ…?

## બેઈમાનીની બાસુંદી

એક મીત્રે કહ્યું : 'મારો દીકરો મને એમ કહે છે કે, તેના એક ફ્રેન્ડના પપ્પા બ્લેકમાર્કેટર છે. તેની પાસે પુષ્કળ પૈસા છે. સમાજમાં એનો વટ પડે છે. કોઈ પણ ઑફીસમાં તેનાં કામો ઝટ થઈ જાય છે. તેને ત્યાં ત્રણ કાર છે. દરેક રુમમાં એસી છે. સમાજમાં ઈજ્જત છે. આપણી પાસે એવું સુખ કેમ નથી? તે મીત્રે રામાયણનું ઉદાહરણ આપી સમજાવતાં કહ્યું : 'જુઓ બેટા, સીતાજીના પતી ભગવાન હતા; છતાં તેમણે જંગલમાં સુવું પડ્યું હતું. મંદોદરીનો પતી રાક્ષસ હતો; છતાં તે મહેલમાં સુતી હતી. સીતાજી કરતાં મંદોદરી બધી રીતે સુખી હતી; પણ તેનો પતી ખરાબ હતો. તેથી તેની કોઈ કીમત ન હતી. મંદોદરીને આજે કોઈ યાદ કરતું નથી. સીતાજીનું નામ ઈજ્જતથી લેવાય છે. રાવણનું પુતળું બાળવામાં આવે છે; જ્યારે રામની ઘરે ઘરે પુજા થાય છે. જીવનમાં સાધનશુદ્ધીનું મહત્ત્વ વીશેષ છે. સોનાની લગડી જાજરુમાં પડી હોય તેથી તેની કીમત ઘટી જતી નથી અને કચરો મખમલી જાજમ પર પડ્યો હોય તોય તેને વાળીઝુડીને ફેંકી જ દેવામાં આવે છે. અનીતીથી કમાયેલું ધન ભલે સગવડ આપે; પણ શાંતી નથી આપતું. ઘરનું એસી ઓરડો ઠંડો કરી શકે છે; પણ મનની આગને ઠારી શકતું નથી. હીંસાત્મક માર્ગે દાઉદ ઈબ્રાહીમથી માંડી ગલીના ગુંડાનાંય કામ થઈ જાય છે. પણ ગાંધીજીએ અહીંસક માર્ગે આઝાદી મેળવી હતી તેટલી પ્રતીષ્ઠા તેમને મળતી નથી. તાત્પર્ય એટલું જ કે બેઈમાનીની બાસુંદી કરતાં ઈજ્જતની ભડકી સારી.'

## તારા વરને વશમાં રાખજે

સાસરે જતી દીકરીઓના કાનમાં કેટલીક માતાઓ વીસ્ફોટક મંત્રો ફુંકે છે. 'તારા વરને કાબુમાં રાખજે…!' એવું દીકરીને કાનમાં કહેતી મહીલા બીજી તરફ પોતાની વહુ પોતાના દીકરાને તેના વશમાં ન કરી લે તેની પુરી તકેદારી રાખે છે. સાસરે ગયેલી દીકરી ત્યાં નોખો ચુલો માડે તેમાં જ દીકરીનું કલ્યાણ જોતી મહીલા પોતાની વહુ માટે દીકરાને એડવાન્સમાં ચેતવી રાખે છે : 'જોજે સંભાળજે…તારી વહુ જુદું ઘર માંડવાની જીદ ન લઈ બેસે !' આમ, એક મહીલા કેટલી ધીરજ અને કુનેહપુર્વક બેવડી ચાલ ચાલે છે ત્યારે માંડ બે સંસારમાં આગ લાગી શકે છે. રોજ 'રામાયણ', 'મહાભારત' કે 'ગીતા' વાંચતી સાસુઓએ પ્રતીજ્ઞા કરવી જોઈએ-'રામાયણ', મહાભારત' કે 'ગીતા'નું ભલે એકાદ પાનું ઓછું વાંચીશ; પણ 'હેડંબા', 'પુતના' કે 'મંથરા' કદી નહીં બનીશ..!

## પતરાનો પરમેશ્વર…સોનાનો શેતાન…!

ધાર્મીક માણસને તમે મુર્તીની ભેટ આપવાની ઑફર કરશો અને કહેશો કે, 'એક મુર્તી રામની છે અને એક મુર્તી રાવણની છે. એ બેમાંથી કોઈ એકની પસંદગી કરો.' તો તે રામની મુર્તી પસંદ કરશે. પણ રામની મુર્તી પતરાની હોય અને રાવણની મુર્તી સોનાની હોય તો ગમે તેવો ચુસ્ત રામભક્ત પણ રાવણની(સોનાની) મુર્તી જ પસંદ કરશે. પતરાના રામનું કશું મુલ્ય નથી. આ

ઉદાહરણ સાંભળી અમારા બચુભાઈ બોલ્યા : 'હું પ્રખર રામભક્ત છું; છતાં હું પણ લઉં તો રાવણની જ મુર્તી . પછી રાવણને સોનીને ત્યાં વેચી તેમાં ચીનાઈ માટીની બનેલી રામની સુંદર મુર્તી ખરીદું અને વધેલા પૈસા મારા લવ-કુશનાં નામે બૅંકમાં રોકું. શ્રદ્ધાય સલામત અને પરીવારેય સલામત !' રાવણને અવશ્ય ધીક્કારી શકાય પણ શ્રદ્ધાની આડમાં સુવર્ણના કીમતીપણાને અવગણીએ તો તે મોટી ભુલ ગણાય. રામ પ્રત્યેની પુરી શ્રદ્ધા અકબંધ રાખી પતરાને પીછાણી લઈએ તે જરુરી છે. પસંદગી રામ અને રાવણ માંથી નહીં; સોના અને લોખંડમાંથી કરવાની છે.

## ગંદકી અને સ્વચ્છતા…!

એઈડ્સનું ઉદ્ભવસ્થાન મોટેભાગે વેશ્યાલયો છે. મંદીર ગંદું હશે તો ચાલશે; પણ રુપજીવીનીઓ અસ્વચ્છ હશે તો બહુ મોટો સામાજીક ખતરો ઉભો થશે. ગ્લાસમાં ઝેર હશે તો એકાદ માણસ મરશે; પણ કુવામાં ઝેર પડ્યું હશે તો હજારો માણસના જીવ જોખમમાં આવી પડશે. એક એઈડ્સગ્રસ્ત રુપજીવીની હજારો ઉપભોક્તાઓને ચેપ લગાડે છે. સાંભળવું ન ગમે છતાં સૌએ સત્યનો સ્વીકાર કરવો પડશે કે સામાજીક સુરક્ષા, સલામતી અને નીરોગી જનજીવન ઈચ્છતા સમાજે મંદીરો કરતાંય વેશ્યાલયોની વધુ કાળજી લેવી પડે એવો સમય હવે આવ્યો છે.

*(સુરતના દૈનીક **'ગુજરાતમીત્ર'**ની તા. ૩૧ ડીસેમ્બર ૨૦૦૭ની **'રવીવારીય પુર્તી'**માં પ્રકાશીત થયેલી શ્રી. દીનેશ પાંચાલની લોકપ્રીય **'સાપ્તાહીક'** કટાર **'જીવન સરીતાને તીરે'**માંથી.. સાભાર..)*

## તમે આસ્તીક કે નાસ્તીક?

એક ગામમાં આસ્તીકો અને નાસ્તીકો વચ્ચે ઈશ્વરના અસ્તીત્વ વીશે ઉગ્ર ચર્ચા થઈ રહી હતી. તેવામાં ત્યાંથી પસાર થતું કુંભારનું એક બળદગાડું ઉંડી ગટરમાં ઉથલી પડ્યું. આની જાણ થતાં આસ્તીકો અને નાસ્તીકો સૌ ત્યાં દોડી ગયા. સૌએ ધક્કા મારી ગાડું બહાર કાઢ્યું. કુંભારનાં બધાં જ માટલાં ભાંગી ગયાં હતાં. નુકસાન જોઈ કુંભારની આંખમાં આસું  આવી ગયાં. આસ્તીકો અને નાસ્તીકોએ થોડા થોડા પૈસાનો ફાળો એકત્ર કરી નુકસાન ભરપાઈ કરી આપ્યું.

કુંભારે સૌનો આભાર માની જીજ્ઞાસાવશ પુછ્યું, 'તમે સૌ અહીં શા માટે ભેગા થયા છો?' બધાએ જવાબ આપ્યો, 'અમે ઈશ્વર છે કે નહીં તે નક્કી કરવા અહીં ભેગા થયા છીએ.' કુંભારે પુછ્યું, 'પછી શું થયું? કોઈ નીવેડો આવ્યો?' જવાબ મળ્યો, 'ના…ચર્ચા હજી ચાલુ છે!' કુંભારે જરા સંકોચ સાથે કહ્યું, 'તમે બધા વીદ્વાનો છો. હું તો બહુ નાનો માણસ છું. મને એક પ્રશ્નનો જવાબ આપો,' કહી કુંભારે આસ્તીકોને પ્રશ્ન કર્યો, 'તમે મારી મદદે આવ્યા, તે શું વીચારીને આવ્યા?' આસ્તીકોએ કહ્યું, 'અમે એવો વીચાર કર્યો કે મુશ્કેલીમાં આવી પડેલા માણસને મદદ નહીં કરીએ તો એક દીવસ ભગવાનના દરબારમાં હાજર થવાનું છે ત્યાં શો જવાબ દઈશું?'

કુંભારે નાસ્તીકોને પ્રશ્ન કર્યો, 'તમે તો ભગવાનમાં નથી માનતા. તમે કેમ મારી મદદે આવ્યા?' નાસ્તીકોએ કહ્યું, 'અમે માનીએ છીએ કે માણસ જ્યારે મુશ્કેલીમાં આવી પડે છે ત્યારે આકાશમાંથી કોઈ ભગવાન તો મદદ કરવા આવવાનો નથી. માનવતાને નાતે માણસે જ માણસને મદદ કરવી જોઈએ!' કુંભારે આગળ કહ્યું, 'તમે તમારી ચર્ચા અટકાવી મારી મદદે દોડી આવ્યા, મને આર્થીક મદદ પણ કરી, હું માનું છું કે મારે માટે તો તમે જ મારા ભગવાન છો. આવું માનવતાનું કામ કર્યા પછી તમે ઈશ્વરના અસ્તીત્વને સ્વીકારો કે નકારો, કોઈ જ ફરક પડતો નથી. ભાઈઓ, આસ્તીક છે તેમણે ભગવાનને નજરમાં રાખીને માનવતાનાં કામો કરવાં અને નાસ્તીક છે તેમણે-ભગવાન નથી, તેથી આ તો આપણી જ ફરજ છે એમ સમજી માનવતાનાં કામો કરવાં જોઈએ!' કહી કુંભાર તો રસ્તે પડ્યો..

કુંભારની વાત પેલા આસ્તીકો અને નાસ્તીકો સમજ્યા કે નહીં  તેની જાણ નથી; પણ આપણને એક વાત સમજાય છે. ઈશ્વર છે કે નહીં તેની ચીંતા કર્યા વીના માણસે દુનીયામાં ભલાઈનાં કામો કરતા રહેવું જોઈએ. ભગવાન હશે તોય તેમને એવા જ આસ્તીકો ગમશે જે માણસના ઘોંચમાં પડેલા

ગાલ્લાને ધક્કો મારી બહાર કાઢી આપે અને નાસ્તીકો માટે તો તેને કોઈ ફરીયાદ જ ન રહે જો તેઓ લોકોનાં ડુબતાં વહાણ તારશે, દુખીઓનાં આંસુ લુછશે. આસ્તીકતા કે નાસ્તીકતા કરતાં માનવતા મહાન છે. માનવતા જ સાચી પ્રભુતા છે. દરેક માનવીને પેલા કુંભાર જેટલી સમજ મળી જાય તો..!
*(આ છેલ્લું **'ધુપછાંવ'** એમના છેલ્લા પુસ્તક **'બોલો, ઈશ્વર છે કે નહીં ?'**માંથી લીધું છે. પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન, રતનપોળ, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧- પૃષ્ઠ : ૨૦૦-મુલ્ય:રુપીયા ૯૦)*

--દીનેશ પાંચાલ
સી-૧૨, મજુર મહાજન સોસાયટી, જમાલપોર, **નવસારી**-૩૯૬ ૪૪૫-ભારત : ફોનઃ (૦૨૬૩૭) ૨૪૨ ૦૯૮


શ્રી. દીનેશભાઈ પાંચાલ


સૌ.ચંદનબહેન પાંચાલ

## લેખક-પરીચય

બૅંક ઑફ બરોડામાં ૩૧ વર્ષ સેવા આપ્યા બાદ **શ્રી. દીનેશભાઈ** પુરા સમય માટે સાહીત્ય-સર્જન ક્ષેત્રને સમર્પીત છે. તેમની સાહીત્ય-યાત્રામાં એમને પુરો સાથ મળ્યો છે એમનાં સાહીત્ય-મર્મજ્ઞ પત્ની **ચંદનબહેન**નો. દીનેશભાઈનાં બધાં લખાણોને કમ્પ્યુટર પર ટાઈપ કરવાનું, પ્રુફ-રીડીંગ કરવાનું સઘળું પોતાનું સમજી પોતે જ રસપુર્વક કરે. તે એટલે સુધી કે પોતે જાતે કશું લખતાં ન હોવા છતાં તેમને મોઢે કદીક 'અમારા આ લેખમાં તો...' એવા શબ્દો અનાયાસે નીકળી પડે. પતીના સર્જનમાં એવું તો તાદાત્મ્ય ! સાહીત્યીક કાર્યક્રમોમાં પણ બન્ને સાથે જ હોય. મીત્રોએ એમને સસ્નેહ 'સારસ-બેલડી'નું બીરુદ આપ્યું છે. બંને નીજાનંદે સુખી જીવ..સાહીત્ય-સર્જનને તેઓ તેમની 'કો-ઍક્ટીવીટી' ગણાવે છે.

દીનેશભાઈ આમ તો વર્ષોથી લખે છે. સુરતના દૈનીક, **'ગુજરાતમીત્ર'**ની રવીવારીય પુર્તીમાં નીયમીત પ્રગટ થતી એમની સાપ્તાહીક કટાર **'જીવનસરીતાને તીરે'**ને ખુબ આવકાર, આદર અને લોકચાહના મળ્યાં અને એમને સફળ સર્જક તરીકે પ્રસ્થાપીત કર્યા. ગુજરાતની ટોચની પ્રકાશન સંસ્થાઓએ એમનાં પુસ્તકો પ્રકાશીત કર્યાં છે.

દરેક લેખને અંતે, તેઓ **'ધુપછાંવ'** નામક ટુંકું પણ ચોટસભર લટકણીયું મુકે છે. એનું પણ એક પુસ્તક થયું છે. તેની પ્રસ્તાવનામાં **ભગવતીકુમાર શર્મા** લખે છે : *'દીનેશભાઈનાં 'ધુપછાંવ'નાં લખાણોમાં બધાં જ વાનાં છે, જેની આ પ્રકારનાં લખાણોના રસીયા વાચકોને અપેક્ષા રહેતી હોય છે. એમાં મૌલીકતા છે, રોચકતા છે, ચબરાકી છે, ચોંકાવી મુકે તેવાં તત્ત્વો છે, ટકોર છે, ટકોરા છે, વીનોદ છે, વ્યંગ છે, ચાબુક પ્રહારો છે, ઉપદેશ છે, માહીતી છે, મનોરંજન છે, લાઘવ તો છે જ. આજના વેગસભર સમયના અને ફાસ્ટ-ફુડના માહોલમાં જીવતા વાચકોને આનાથી વધારે તો બીજું શું જોઈએ? આટલું જ ભર્યોભર્યો ગણાય...'*--ઉત્તમ ગજ્જર (સુરત) અને બળવંત પટેલ (ગાંધીનગર)

*હવે માણીએ મહેન્દ્રભાઈનું કાર્ટુન*



અને અંતમાં આજની કથાનો સાર.., પૈસો જીવનમાં સુખ આપતો નથી..,પૈસો તો હાથનો મેંલ છે.., પૈસો સાથે આવવાનો નથી.., 'મની ઈજ નૉટ એવરીથીંગ', અને છેલ્લે આજના શુભપ્રસંગે મારી કથા, ભજનોનું સ્પેશિયલ સેલ છે. ફક્ત લિમિટેડ ક્વોન્ટીટીમાં પુસ્તકો, કસેટ્સ અને સીડીમાંથી કોઈ પણ ત્રણ આઈટમ ખરીદીને બે મફત મેળવો.

મહેન્દ્રભાઈનો ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com
web site : www.ameamericanamdavadi.com

◆◆◆

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : બે -- અંક : ૮૪ -- જાન્યુઆરી ૧૪, ૨૦૦૭

'સન્ડે ઈ-મહેફીલ' માટે **'ઉંઝાજોડણી'** અને **'વીજયા' ફોન્ટ**'માં **: અક્ષરાંકનઃ** uttamgajjar@hotmail.com

◆◆◆

માત્ર બાર માસના ગાળામાં ૧,૮૨,૦૦૦ જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં <http://www.gujaratilexicon.com>**લેક્સીકોન**ની મુલાકાત લીધી. આપને પણ**લેક્સીકોન**ની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. આપ સૌના સહયોગ થકી **સન્ડે ઈ-મહેફીલ**ના સાડાત્રણ હજાર જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે જ...

સૌનો આભાર..**સન્ડે ઈ–મહેફીલ**ની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી http://sundaymahefil.googlepages.com/ વેબસાઈટ પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી **લેક્સીકોન** અને **ઓપીનીયન**ની મુલાકાતે પણ જઈ શકાશે..

Kindly send your suggestions to
Ratilal Chandaria, e-mail:rpchandaria@comcraft.com

## ●ગુજરાતી ભાષાપરીષદ ટ્રસ્ટ બનવાને માર્ગે●

*તા. ૩ ડીસેમ્બર ૨૦૦૬ના દીને* ***'ગુજરાતી ભાષાપરીષદ'****ની સામાન્ય સભા સંસ્થાના પ્રમુખ* ***ડૉ.કનુભાઈ જાની****ની અધ્યક્ષતામાં મળી હતી. સંસ્થાના મંત્રી* ***શ્રી. ઈન્દુકુમાર જાની****એ તેનું સંચાલનકર્યું હતું.*

*સંસ્થાના પુર્વ-પ્રમુખ અને ઈમેજ પબ્લીકેશનના ડાયરેક્ટર* ***શ્રી. મહેશભાઈ દવે****એ આ માટે નીષ્ણાતોની સલાહ અનુસારનો મુસદ્દો રજુ કર્યો હતો, જેને સભાએ ચર્ચા-વીચારણાને અંતે મંજુર રાખ્યો હતો તથા સ્થાપક ટ્રસ્ટીઓ તેમ જ કાર્યવાહક સમીતીના સભ્યોની વરણી પણ કરી હતી.*

*ભાષાપરીષદનું પ્રાથમીક ધ્યેય ભાષામાંહેની કેટલીક જટીલતા નીવારી માતૃભાષાને વધુ સક્ષમ કરવાનું છે.*

*સભાને* ***શ્રી. બળવંતભાઈ, સૌ. ભાનુબહેન, ચી. સુનીલ*** *અને* ***સૌ. દીપ્તી****નું સૌજન્યપુર્ણ આતીથ્ય મળ્યું તે બદલ સૌએ દીલથી આભાર માન્યો હતો. (મુંબઈથી પ્રકાશીત થતા રેશનાલીસ્ટ માસીક* ***'વીવેકપંથી'****માંથી સાભાર..લેખક-તંત્રી* ***શ્રી. ગુલાબ ભેડા,*** *૨-સી-૧, અસ્મીતા મોગરા, દત્ત જગદંબા માર્ગ, શેરે-પંજાબ સોસાયટી, અંધેરી-પુર્વ, મુંબઈ-૪૦૦ ૦૯૩)અંકઃ ૫૭ - ડીસેમ્બર-૨૦૦૭*